# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

Date : 9-10-2024 Evening : 7.50 to 8.00
Day : Wednesday National News

## આકાશવાણી સમાચાર **રીટા દવે** વાંચે છે.

*****************************************************

- કેન્દ્ર સરકારે આરોગ્ય, સંસ્કૃતિ અને સલામતી ક્ષેત્ર માટે ત્રણ મહત્વના નિર્ણયો લીધા છે.
- પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાના વિકાસ કામોનો વીડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી શિલાન્યાસ કર્યો છે.
- રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જેરીયા, મોરિટાનિયા અને મલાવીની સાત દિવસની સત્તાવાર મુલાકાતે આ રવિવારે જશે.
- કેન્દ્ર સરકારની મેક ઇન ઇન્ડિયા પહેલ, દવા ક્ષેત્રે ઉપયોગી API ની આયાતની જરૂરિયાત ઘટાડવામાં મહત્વની ભૂમિકા ભજવી રહી છે.
- વૈજ્ઞાનિક ડેવિડ બેકર, જોન જમ્પર અને ડેમિસ હસાબીસને રસાયણ વિજ્ઞાન માટેના ગૌરવપ્રદ નોબેલ પુરસ્કાર અપાશે.
- ભારતીય મહિલા ટેબલ ટેનિસ ખેલાડીઓએ કઝાગસ્તાનમાં ચાલી રહેલી એશિયાઈ ટેબલ ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે..

*****************************************************

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણી પરથી સમાચાર પૂરા થયા)

# CABINET

કેન્દ્ર સરકારે આરોગ્ય, સંસ્કૃતિ અને સલામતી ક્ષેત્ર માટે ત્રણ મહત્વના નિર્ણયો લીધા છે.

કેન્દ્રિય મંત્રીમંડળની બેઠકમાં લેવાયેલા મહત્વના નિર્ણયો અંગે જણાવતા માહિતી અને પ્રસારણ મંત્રી અશ્વિની વૈષ્ણવે જણાવ્યું હતું કે, દેશની સરહદી વિસ્તારની સલામતી સુનિશ્ચિત કરવા ચાર હજાર, 400 કરોડ રૂપિયાના ખર્ચે રાજસ્થાન અને પંજાબના આંતરાષ્ટ્રીય સરહદી વિસ્તારોમાં બે હજાર, 280 કિલોમીટરની લંબાઈના માર્ગો તૈયાર કરાશે. આના લીધે ગ્રામીણ ક્ષેત્રમાં સંપર્ક અને સરહદી વિસ્તારોમાં સલામતી દળોની હેરફેરમાં સુગમતા વધશે.

એવી જ રીતે વિકાસની સાથે વારસાની પહેલ અંતર્ગત ગુજરાતના લોથલ ખાતે રાષ્ટ્રીય દરિયાઈ વારસા સંકુલનું નિર્ણામ કરાશે. શ્રી વૈષ્ણવે કહ્યું કે, સુચિત સંકુલ દેશના દરિયાઈ વારસાની સમૃધ્ધિનો પરિચય આપશે.

લોથલ ખાતેનું સૂચિત સંકુલ પૂર્ણ રીતે તૈયાર થતાં વિશ્વનું સૌથી મોટું અને ભારતના દરિયાઈ વારસાનો પરિચય આપતું સંકુલ બનશે. મુલાકાતીઓને ભારતના સમૃદ્ધ દરિયાઈ વારસાનો પરિચય આપવા માટે પાંચ પરિમાણવાળો દૃશ્ય-શ્રાવ્ય કક્ષ તૈયાર કરાશે.

આજે મંત્રીમંડળ દ્વારા લેવાયેલા ત્રીજા મહત્વના નિર્ણયમાં પોષણ સાથે સર્વગ્રાહી વિકાસ સુનિશ્ચિત કરવા 17 હજાર કરોડ રૂપિયાના ખર્ચે ફોર્ટિફાઇડ ચોખા અપાશે. આના લીધે કુપોષણ અને એનિમીયા એટલે કે રક્તક્ષીણતાની સમસ્યા ઉકેલવામાં મદદ મળશે.

# REV. PM - MAHARASHTRA PROJECT

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ મહારાષ્ટ્રમાં સાત હજાર, 600 કરોડ રૂપિયાના ખર્ચના વિવિધ વિકાસ કામોનો વીડિયો કોન્ફરન્સિંગ માધ્યમથી શિલાન્યાસ કર્યો છે. તેમણે મહારાષ્ટ્રમાં છેલ્લાં કેટલાંક વર્ષોમાં પૂર્ણ કરાયેલા વિવિધ વિકાસકામોની વિગતો આપી હતી.

શ્રી મોદીએ કહ્યું કે, મરાઠીને ક્લાસિક્લ લેંગ્વેજ એટલે કે અભિજાત ભાષાનો દરજ્જો આપીને કેન્દ્ર સરકારે મરાઠી લોકોની ઘણા વર્ષોની આશા પરિપૂર્ણ કરી છે.

પ્રધાનમંત્રીએ આજે આશરે સાત હજાર કરોડ રૂપિયાના ખર્ચે નાગપુર ખાતેના બાબાસાહેબ આંબેડકર આંતરરાષ્ટ્રીય વિમાન મથકના આધુનિકીકરણ, તેમજ 645 કરોડ રૂપિયાના ખર્ચે શીરડી વિમાન મથકે નવા સંકલિત ટર્મિનલ બિલ્ડિંગ માટે શિલાન્યાસ કર્યા હતા.

આ ઉપરાંત પ્રધાનમંત્રીએ  મુંબઈ નાસિક સહિત મહારાષ્ટ્રમાં દસ સરકારી તબીબી કોલેજોનો શુભારંભ કરાવ્યો હતો. તેમજ તેમણે મુંબઈ ખાતે ટાટા ટ્રસ્ટના સાથ સહકારમાં વિકાસ કરાયેલા ભારતીય કૌશલ્ય સંસ્થાનું અને વિદ્યા સમીક્ષા કેન્દ્રનું ઉદઘાટન પણ કર્યું હતું.

# REV PREZ - VISIT

રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ અલ્જેરીયા, મોરિટાનિયા અને મલાવીની સાત દિવસની સત્તાવાર મુલાકાતે આ રવિવારે જશે. પ્રથમ તબક્કામાં 13થી 15મી ઓક્ટોબર દરમિયાન રાષ્ટ્રપતિ મુર્મુ અલ્જેરીયાની મુલાકાત લેશે. તેઓ અલ્જેરીયાના રાષ્ટ્રપ્રમુખ અબદેલમાદજીદ ટેબોને સાથે દ્વિપક્ષીય વાતચીત કરશે. ત્યારબાદ રાષ્ટ્રપતિ ભારત – અલ્જેરીયા આર્થિક મંચ અને સીદી અબ્દેલ્લાહ વિજ્ઞાન ટેકનોલોજી યુનિવર્સિટી ખાતે સંબોધન કરશે. રાષ્ટ્રપતિની અલ્જેરીયાની આ મુલાકાતથી બંને દેશો વચ્ચેના વિવિધ ક્ષેત્રના દ્વિપક્ષીય સંબંધોને નવું બળ મળશે.

બીજા તબક્કામાં રાષ્ટ્રપતિ મુર્મુ 16મી ઓક્ટોબરે મોરિટાનિયાની મુલાકાત લેશે. રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ મોરિટાનિયાના રાષ્ટ્રપ્રમુખ સાથે દ્વિપક્ષીય મંત્રણા કરશે તેમજ ત્યાં વસતા ભારતીયો સાથે સંવાદ કરશે.

ત્યારબાદ તેઓ મલાવીની 17થી 19 ઓક્ટોબરે મુલાકાત લેશે. તેઓ મલાવીના રાષ્ટ્રપ્રમુખ તેમજ ત્યાંના વેપાર અને ઉદ્યોગોના પ્રતિનિધિઓ અને ત્યાં વસતા ભારતીયો સાથે સંવાદ કરશે.

વિદેશમંત્રાલયના સચિવ દમ્મુ રવિએ આજે દિલ્હીમાં જણાવ્યું હતું કે, ભારત આફ્રિકા સાથે મજબૂત સંબંધોની તરફેણ કરે છે. તેમણે કહ્યું કે, 54 દેશો ધરાવતો આફ્રિકા વિકસિત દેશોમાં મહત્વનું સ્થાન ધરાવે છે.

ભારત વિકસિત દેશોના વિકાસને ટોચની અગ્રતા આપી રહ્યો છે. આના ભાગરૂપે ભારત અને આફ્રિકાના દેશો સાથેના આર્થિક સંબંધો મજબૂત બની રહ્યા છે. શ્રી રવિએ વધુમાં કહ્યું કે, ભારત અને આફ્રિકા વચ્ચેનો દ્વિપક્ષીય વેપાર વર્ષે 100 અબજ ડોલરથી વધી રહ્યો છે.

# JITENDRA-CII SUMMIT

કેન્દ્ર સરકારની મેક ઇન ઇન્ડિયા પહેલ, દવા ક્ષેત્રે ઉપયોગી API ની આયાતની જરૂરિયાત ઘટાડવામાં  મહત્વની ભૂમિકા ભજવી રહી છે. કેન્દ્રિય વિજ્ઞાન અને ટેકનોલોજી મંત્રી જીતેન્દ્રસિંહે આજે દિલ્હીમાં ભારતીય ઉદ્યોગ મહામંડળ – CII ની બેઠકને સંબોધતા આ મુજબ જણાવ્યું હતું.

તેમણે કહ્યું કે, દવા ક્ષેત્રે ભારત આત્મનિર્ભરતા વધારી રહ્યો છે તેના લીધે મહત્વની આરોગ્ય સંભાળ સુવિધાઓ સરળતાથી ઉપલબ્ધ થવા લાગી છે. ભારતે ઉચ્ચ ગુણવત્તાવાળી અને વાજબી ભાવની દવાઓના ઉત્પાદન ક્ષેત્રે નોંધપાત્ર પ્રગતિ કરી રહી છે.

# PM - LAOS

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી આસિયાન – ભારત શિખર પરિષદ અને 19મી પૂર્વ એશિયા શિખર પરિષદમાં ભાગ લેવા લાઓસની બે દિવસની મુલાકાતે આવતીકાલે રવાના થશે. વિદેશ મંત્રાલયના સચિવ જયદીપ મઝૂમદારે આજે દિલ્હીમાં પત્રકાર પરિષદમાં જણાવ્યું હતું કે, લાઓસના પ્રધાનમંત્રીના સોનેક્સાય સિફાન્ડોનના આમંત્રણથી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી લાઓસ જવાના છે.

લાઓસની મુલાકાત દરમિયાન શ્રી મોદી આસિયાન દેશોના વડાઓ સાથે પ્રાદેશિક અને દ્વિપક્ષીય સંબંધોમાં પ્રગતિની સમીક્ષા કરશે.

# MID BREAK- NEWS- NATIONAL

આ સમાચાર આપ આકાશવાણી પરથી સાંભળી રહ્યા છો. આ સમાચાર આપ અમારી Youtube ચેનલ A.I.R. ન્યૂઝ ગુજરાત પર પણ સાંભળી શકશો. વધુ સમાચાર માટે આપ અમારા ટવીટર હેન્ડલ A.I.R. ન્યૂઝ અન્ડરસ્કોર ABAD ને ફોલૉ કરી શકો છો...

# HARYANA -BJP

ભારતીય જનતા પાર્ટીએ હરિયાણા વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણીમાં વિજય મેળવ્યા પછી હરિયાણામાં ભાજપની ત્રીજા કાર્યકાળની સરકાર રચવાની પ્રક્રિયાનો આરંભ થયો છે.

ઉલ્લેખનીય છે કે, ગૃહમંત્રી અમિત શાહે ચૂંટણી પ્રચાર વખતે જાહેરાત કરી હતી કે, જો ભાજપ હરિયાણામાં સરકાર રચશે તો નાયબસિંહ સૈની મુખ્યમંત્રી બનશે.

પત્રકારોના પ્રશ્નના જવાબમાં કાર્યકારી મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ જણાવ્યું હતું કે, રાજ્યના મુખ્યમંત્રી અંગેનો નિર્ણય સંસદીય બોર્ડ અને ભાજપ વિધાનસભા પક્ષ દ્વારા લેવાશે.

દરમિયાન પ્રદેશ ભાજપ અધ્યક્ષ મોહનલાલ અને કાર્યકારી મુખ્યમંત્રી નાયબસિંહ સૈનીએ આજે હરિયાણામાં સરકારની રચના અને શપથવિધી અંગે પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી સાથે દિલ્હીમાં ચર્ચા વિચારણા કરી છે.

પૂલ - શ્રીરંગ - દુર્ગેશ

# EC-CONGRESS COMPLAINT

કોંગ્રેસના પ્રતિનિધિમંડળે હરિયાણા વિધાનસભાની તાજેતરમાં યોજાયેલી ચૂંટણી દરમિયાન ઇવીએમ એટલે કે વીજાણું મતદાન યંત્રોની બેટરીના લેવલ અંગે ચૂંટણી પંચ સમક્ષ ફરિયાદ કરી છે. કોંગ્રેસના નેતા પવન ખેડાએ પત્રકારોને સંબોધતાં જણાવ્યું હતું કે, પક્ષના પ્રતિનિધિ મંડળે હરિયાણાના સાત વિધાનસભા મતક્ષેત્રમાંથી મળેલી વીસ ફરિયાદો ચૂંટણી પંચને સુપરત કરી છે.

# CHEMISTRY-NOBEL.RTF

વૈજ્ઞાનિક ડેવિડ બેકર, જોન જમ્પર અને ડેમિસ હસાબીસને રસાયણ વિજ્ઞાન માટેના ગૌરવપ્રદ નોબેલ પુરસ્કાર અપાશે. પ્રોટીનના માળખાની ડિઝાઇન અંગે વિચારણા અને તેની રચનામાં સફળતા માટે ત્રણ વૈજ્ઞાનિકોને આ પુરસ્કાર અપાશે.

નોબેલ પુરસ્કાર માટેની સમિતિએ જણાવ્યું છે કે, ડેવિડ બેકરે તદ્દન નવા પ્રકારના પ્રોટીનનું નિર્માણ કર્યું છે. તેમજ જોન જમ્પર અને ડેમિસે આશરે 50 વર્ષ જૂની સમસ્યાનો ઉકેલ મેળવવા પ્રોટીનની સંકુલ રચના માટે કૃત્રિમ બુધ્ધિમતાનું મોડેલ વિકસાવ્યું છે.

શ્રી ડેવિડ બેકર વોશિંગ્ટન યુનિવર્સિટી જ્યારે શ્રી હસાબીસ અને શ્રી જમ્પર લંડનમાં કામગીરી કરી રહ્યા છે.

# TABLE-TENNIS

ભારતીય મહિલા ટેબલ ટેનિસ ખેલાડીઓએ કઝાગસ્તાનના અસ્તાનામાં ચાલી રહેલી એશિયાઈ ટેબલ ટેનિસ સ્પર્ધામાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો છે. ભારતે ટેબલ ટેનિસ સ્પર્ધામાં મહિલાઓના વિભાગમાં આ પ્રથમવાર ચંદ્રક જીત્યો છે. સેમિફાઇનલમાં ભારતની ટીમ જાપાન સામે 3-1થી પરાજિત થતાં ભારતને કાંસ્ય ચંદ્રક મળ્યો છે.

સેમિફાઇનલમાં મોનિકા બત્રાનો સાતસુકી ઓડો સામે વિજય થયો હતો જ્યારે અહીકા મુખરજીનો-મિવા હારીમોટો સામે તેમજ સુતીર્થતા મુખરજીનો મીમા ઈતો સામે પરાજ્ય થયો હતો.

દરમિયાન ભારતના પુરૂષોની ટીમે કગઝસ્તાન સામે 3-1 થી વિજય મેળવીને સ્પર્ધાની સેમિફાઇનલમાં પ્રવેશ કર્યો છે.

# ARCTIC-OPEN-BADMINTON.RTF

ભારતના લક્ષ્યસેને ફિનલેન્ડમાં ચાલી રહેલી BWF આર્કટીક ઓપન બેડમિન્ટ સ્પર્ધાની પુરૂષોની સિંગલ્સની પ્રી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ કર્યો છે. પહેલા રાઉન્ડની મેચમાં ડેન્માર્કના આર. ગેમકે ખસી જતા લક્ષ્યસેન પ્રી ક્વાર્ટર ફાઇનલમાં પ્રવેશ્યા છે.

# USA- HURRICANE MILTON

મેક્સિકોના અખાતમાંથી અમેરિકાના પશ્ચિમ કાંઠે આવેલા ફ્લોરિડા તરફ મિલ્ટન વાવાઝોડું આગળ વધી રહ્યું છે. આ વાવાઝોડાની સંભવિત અસરને ધ્યાનમાં લઈને અમેરિકાના વહીવટીતંત્રે ફ્લોરિડાના 50 લાખથી વધુ નાગરિકોને સલામત સ્થળે ખસી જવાની સૂચના આપી છે. વહીવટીતંત્રે જણાવ્યું છે કે, વાવાઝોડાના કારણે ઝડપી પવન ફૂંકાવાની, ભારે વરસાદની અને સંભવિત ચક્રવાતની પણ શક્યતા છે.

વાવાઝોડાની શક્યતાના પગલે અમેરિકાના રાષ્ટ્ર પ્રમુખ જો બાઇડને જર્મની અને અંગોલાની તેમની આ સપ્તાહની મુલાકાત મુલતવી રાખવાનો નિર્ણય લીધો છે.